## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



ડાહ્યાભાઈ પુંજારામ મોદી
(૧૯૪૫) ફોન : ૨૩૨ ૨૬૦૩૦



મંજુલાબેન મહેન્દ્રકુમાર
(૧૯૪૮) ફોન : ૨૩૨ ૩૦૯૧૧





# ખેડબ્રહ્માથી અંબાજી સુધી સ્વયંભૂ માનવ હાઈવે રચાયો

જગતજની મા જગદંબાના ભાદરવી પૂનમના મહામેળામાં ખેડબ્રહ્માથી અંબાજી સુધીના ૫૦ કિલોમીટરના માર્ગ ઉપર શ્રધ્ધાળુઓનું કીડીયારૂ ઉમટી પડયું છે. હાથમાં લાલ ધજા તથા માડીનો રથ ખેંચતા ભકિતભાવથી પદયાત્રીઓ અંબાજી તરફ અવિરત આગળ વધી રહ્યા છે. ભાદરવી પૂનમે પગપાળા જતા સંઘોમાં ગુજરાતના પંચમહાલ, રાજપીપળા, ખેડા તથા રાજસ્થાનના ઉદયપુર, સાગવાડા, સલુંબર, ખેરવાડાના યાત્રીઓ ધ્યાન ખેંચતા હતા. પગપાળા જતા શ્રધ્ધાળુઓમાં વૃદ્ધો-યુવાનો, બાળકો અને મહિલાઓ નજરે પડે છે. ભાદરવી પૂનમે અંબાજી જતા પદયાત્રીઓ સાથે ભકતોની શ્રધ્ધાના અવનવા કિસ્સા પણ ધ્યાન ખેંચે છે. ખેડબ્રહ્માથી અંબાજીના માર્ગ પર કેટલાક પરીવારો પોતાના બાળકોને જોળીમાં, બાબાગાડીમાં તો કોઈ તેડીને કોઈ સાઈકલ પર, કોઈ અપંગ ટ્રાઈસિકલમાં માં ના દરબારમાં માથુ ટેકવવા અંબાજી જતા નજરે પડે છે.

ખેડા જિલ્લાના અનારા ગામના મિસ્ત્રી નરેશભાઈ ભીખાભાઈ તેમની ટ્રાઈસીકલમાં છેલ્લા નવ વર્ષથી અંબાજી દર્શનાર્થે જાય છે. આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના થામણા ગામના વસાવા રાજેશકુમાર કાળીદાસ પોતાના બાળકો હિરેન (૪ વર્ષ) અને પાયલ (૩ વર્ષ) ને સાયકલ પર લઈ અંબાજી જઈ રહ્યા છે. ભરૂચ જિલ્લાના કઠોદરા ગામના જયંતિભાઈ ચુનીભાઈ વસાવા છેલ્લા પાંચ વર્ષથી અંબાજી દર્શનાર્થે જાય છે. આ વર્ષે તેમના ૬ માસના બાળક સાહીલની બાધા પૂર્ણ કરવા તેમની પત્નિ અને બીજા બાળક આકાશ સહિત ૭૦ માણસનો સંઘ અંબાજી જઈ રહ્યો છે. જે ૯ દિવસથી નીકળેલ છે જે ૫૦૦ કિ.મી.નું અંતર કાપી આજે અંબાજી પહોંચી જશે. આ ઉપરાંત નરોડા અમદાવાદના શબાબેન ભરતભાઈ ઠાકોર તેમના ૧૦ માસના બાળકને જોળીમાં લઈ અંબાજી જઈ રહ્યા છે.

## આજે વિશ્વ હૃદય દિન
## નેચરલ બાયપાસ, સર્જરી વગર..!!

ગાંધીનગર, તા. ૨૮

સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટના ડૉ. વિનુભાઈ પટેલે આજે વિશ્વ હૃદય દિવસ નિમિત્તે જર્મની યુનિવર્સિટી ઓફ લેઈપચીંગના નવીન સંશોધનને વાચક સમક્ષ રજુ કરતા જણાવ્યું છે કે, રોજીંદી-વ્યાયામ પ્રવૃત્તિઓમાં ૩૦ થી ૪૦ મિનિટનો વધારો કરવામાં આવે તો હૃદય વધુ કાર્યક્ષમ બને છે. હૃદયને લોહી પહોંચાડતી નસો વિકસીત થાય છે. લોહીનો પુરવઠો વધે છે.

નોંધપાત્ર બાબત એ છે કે, નસોમાં લોહી લઈ જવાની ક્ષમતામાં ૨૦૦ ટકા વધારો થાય છે. સમગ્ર જતાં કુદરતી રીતે નવી રક્તવાહિનીઓ પણ બનવા માંડે છે. તેથી બાયપાસ સર્જરી વગર પૂરતા વ્યાયામથી નેચરલ બાયપાસ સર્જાય છે. ઈન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિએશન ગુજરાતના માનદ મંત્રી ડૉ. વિનુભાઈ પટેલના જણાવ્યા મુજબ દરરોજ ૪૫ મિનિટનો મનગમતો વ્યાયામ, અમૃત આહાર જેમાં ૩૦ ટકા લીલા શાકભાજી અને સલાડ, ૨૦ ટકામાં ત્રણ ફળ અને બાકીના ૫૦ ટકા લોહતત્વ, પ્રોટીન અને રેસાવાળો ખોરાક લો, રોજ અડધો કલાક ધ્યાન અને યોગ કરો, હંમેશા હસતા રહો, હકારાત્મક શુભ વિચાર કરો, મશરૂમનું સેવન કરો, દૂધ, દહીમાં ખાંડની જગ્યાએ શુધ્ધ મધ લો, વહેલી સવારે સૂર્ય સ્નાન કરો તો હૃદયરોગથી ૧૦૦ ટકા બચી શકો છો. સ્વસ્થ અને શતાયુ જીવી શકો છો..!!

## ગાંધીનગરમાં વધતી ગુનાખોરી અટકાવવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં દિન-પ્રતિદિન ગુનાખોરી અને ટ્રાફિકની મુશ્કેલીઓ વધતી જાય છે. નાની-મોટી ચોરીઓસ અછોડા ચોર, નાણાંની ચીલઝડપ વધતી જાય છે. ટ્રાફિક સમસ્યાથી જીવલેણ અકસ્માત થાય છે. આ અંગે અટકવા માટે ૧૪ મુદ્દાની રજૂઆત સચિવશ્રી ગૃહ વિભાગ, પોલીસ વડા, કલેકટરશ્રીને લેખિતમાં ગાંધીનગર શહેર વસાહત મંડળ મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ કરેલ છે.

## આજે ભજન સંધ્યાનો કાર્યક્રમ સે-૨૧માં યોજાશે

ગાંધીનગર, તા.૨૮

રાજસ્થાન સમાજ સેવા સમિતિના મહામંત્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે તા. ૨૯મી સપ્ટેમ્બર ૨૦૧૨ને શનિવારે રાત્રે ૮ થી ૧૦ કલાકે શાક માર્કેટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે વાર્ષિક ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે રાજસ્થાનના પ્રસિદ્ધ ગાયક કલાકાર મુલારામ ગવાટીયા તેમજ ડાન્સર વીકી વીકી લવલી અને ભરત પ્રજાપતિ જેવા કલાકારો રાજસ્થાનથી ખાસ હાજર રહેશે.

## આજે સ્વ.કે.એસ. સુદર્શનને શ્રદ્ધાંજલિ આપતો કાર્યક્રમ યોજાશે

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પાંચમા સરસંઘ ચાલક કે.એસ. સુદર્શનનો ૧૫મી સપ્ટેમ્બરે સ્વર્ગવાસ થયો હતો. સદ્‌ગતના આત્માની શાંતિ અર્થે ગાંધીનગરમાં સેકટર-૧૨ ખાતેના બલરામ ભવન પરિસર ખાતે આજે ૨૯મી સપ્ટેમ્બર-૨૦૧૨ને શનિવારે રાત્રે ૯ કલાકે શ્રદ્ધાંજલિ આપતો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.



ગાંધીનગર ઉત્તર વિધાનસભાના બુથ લેવલના કાર્યકરોનું યોજાયેલ બેઠકમાં પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી શ્રી નિશીથ વ્યાસ, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા સહિતના અગ્રણીઓએ સંબોધી હતી.

## યોગ અને નેચરોપથી શિબિર લાખાજીના મુવાડામાં ૧૩મી ઓક્ટોબરે યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર અને અરવિંદ કેન્દ્રના સહયોગથી દહેગામ તાલુકાના લાખાના મુવાડા ખાતે ઈન્દુમતીબેન એચ. પંડ્યા પ્રાકૃતિક ચિકિત્સાલયમાં ત્રિદિવસીય આવાશિય યોગ અને નેચરોપથી શિબિર રાખવામાં આવી છે. જેમાં પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિ દ્વારા આપની શારીરિક માનસિક તેમજ બ્લેડ પ્રેશર, ડિપ્રેશન, પાચનતંત્રની તકલીફોની સારવાર માટે તા. ૧૩-૧૪-૧૫ ઓકટોમ્બરના રોજ શિબિર રાખવામાં આવશે. શિબિર ફી રૂા. ૬૦૦ રોજ શિબિર રાખવામાં આવેલ છે. છેલ્લી તારીખ ૧૦મી ઓકટોમ્બર છે.

## ગોડફે ફિલિપ્સ બહાદુરી પુરસ્કાર કનુભાઈ ટેલરનો એનાયત



ગાંધીનગર, તા. ૨૮

ગોડફે ફિલિપ્સ બ્રેવરી એવોર્ડની તાજેતરમાં જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ગુજરાતના સુરતના કનુભાઈ ટેલર, અમદાવાદના રેસ્મા રંગરેજ અને કચ્છના ચંદા શ્રોફને જુદી જુદી કેટેગરીમાં એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત અને રાજસ્થાનના ૧૩ જેટલા સાહસિક વ્યક્તિઓને તાજેતરમાં ભોપાલમાં યોજાયેલા ગોડફે ફિલિપ્સ બહાદુરી પુરસ્કાર વિતરણ સમારંભમાં એવોર્ડ આપી નવાજવામાં આવ્યા છે. સામાજિક સાહસની કેટેગરીમાં સુરતના વિકલાંગ વ્યક્તિવિશેષ શ્રી કનુભાઈ ટેલરને એવોર્ડ આપી નવાજવામાં આવ્યા હતા.

કચ્છની ગ્રામ્ય વિસ્તારની મહિલાઓના સશક્તિકરણમાં આગળ પડતી ભૂમિકા ભજવનાર ચંદા શ્રોફને અમોદિની એવોર્ડ અર્પણ કરાયો છે. જ્યારે પતિના આતંકવાદી ઈરાદાઓ ખુલ્લા પાડનાર અમદાવાદની રેશ્મા રંગરેજને પણ બહાદુરી પુરસ્કાર આપી નવાજવામાં આવી છે.

## વસાહત મંડળ સે-૬/સીની બેઠક યોજાશે

ગાંધીનગર વસાહત મંડળ સેકટર-૬-સીના પ્રમુખ લક્ષ્મણસિંહ રાજપૂતે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તા. ૨ ઓકટોબર ૨૦૧૨ને મંગળવારના રોજ સાંજના ૬ કલાકે અંબિકા ચોકમાં વસાહત મંડળ સેકટર-૬-સીની બેઠક યોજાશે. બેઠકમાં વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના વાર્ષિક હિસાબો, વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના વસાહતી મંડળના પદાધિકારીઓની વરણી અને વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમિયાન આવતા તહેવારો અંગેનું આયોજન કરવા માટેની ચર્ચા વિચારણા કરવામાં આવશે.

## રાજસ્થાનની એસ.ટી. બસે માતા-પુત્રીને કચડી નાખ્યાં

અમદાવાદ, તા. ૨૮

શહેરના નરોડા વિસ્તારમાં આવેલા નાનાચિલોડા નજીક રાજસ્થાનની એસટી બસે માતા અને ૧૧ માસની પુત્રીને કચડી માર્યા હતા. અકસ્માત બાદ ચાલક ભાગી છૂટ્યો હતો. આ અંગે નરોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘટનાની વિગતવાર માહિતીએવી છે કે નાના ચિલોડા નીલમ પાર્ક સોસાયટી ખાતે ભાવીનકુમાર તરુણભાઈ જયસ્વાલ પોતાના પત્ની રીનાબેન (ઉ.વ.૨૫) અને પુત્રી દીપીકા (ઉ.વ.૧૧ માસ), સાથે રહેતા હતા. ગઈકાલે બપોરના સુમારે ભાવીનભાઈ પોતાની પત્ની અને પુત્રીને બાઈક પર બેસાડી કોઈ કામ અર્થે બહાર નીકળ્યા હતા. દરમ્યાનમાં તેઓ નાના ચિલોડાથી રેલવે ક્રોસિંગ રોડ પરથી પસાર થતા હતા. ત્યારે રાજસ્થાન પરીવહન નીગમની બસ પુરપાટ ઝડપે આવી હતી અને ભાવીનભાઈના બાઈકને જોરદાર ટક્કર મારી હતી. જેથી ત્રણેય જણાં રોડ પર પટકાયા હતા.


દરમ્યાનમાં રીનાબેન અને દીપીકા ગંભીર રૂપે ઘાયલ થવા પામ્યા હતા. જેથી સારવાર માટે તેમને નરોડા ખાતેની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાંથી તબીબીઓ તેમને સિવિલ હોસ્પિટલ લઈ જવાનું કહ્યું હતું. સિવિલ હોસ્પિટલમાં સારવારવેળા માતા-પુત્રીના મોત થયા હતા. ઘટનાની જાણ નરોડા પોલીસને થતાં પો.સ.ઈ. એચ.આર. વાઘેલા સહિતની ટીમ દોડી ગઈ હતી. માતા-પુત્રીના એક સાથે મોત થતાં જયસ્વાલ પરિવારમાં માતમનો માહોલ છવાઈ ગયો છે. ભાવીનભાઈએ નરોડા પોલીસ મથકમાં એસ.ટી. બસના ચાલક વિરુધ્ધ ગુનો નોંધાવ્યો છે. પોલીસે ભાગી છૂટેલા ચાલકની ધરપકડ કરવા ચક્રોગતિમાન કર્યા છે.

## સેતુ સોસાયટીની રચના.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્ય સરકારે ૧૦૨ કરોડનો ખર્ચ કરવાનું નક્કી કર્યું છે. આ યોજનાના નોડલ અધિકારી તરીકે પોલીસ મહાનિરીક્ષક, સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો રહેશે. હયાત જિલ્લાઓ અને નવા રચાનારા જિલ્લાઓને પણ આ સોસાયટીનો લાભ આપવામાં આવનાર છે. પ્રજામાં પોલીસ તંત્રની કામગીરીમાં અસરકારકતા વધે તે હેતુથી કોમ્યુનિટી પોલીસિંગ માટે પીપીપી મોડલ પણ બનાવવામાં આવશે. યોજના પ્રમાણે વિવિધ સેવાઓ નક્કી કરવામાં આવી છે, જેમાં ગુમ થયેલા વ્યક્તિઓ, વાહનો, ગુમાવેલી સંપત્તિ, ખોવાયેલા પાસપોર્ટ, ભાડુઆત-મકાન માલિકના પ્રશ્નો, ઘરેલું સમસ્યાઓમાં મદદ, વિદેશીઓ સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

આ સોસાયટીઓ લાયસન્સ, પરમીટ અને અરજીઓ ઉપર પણ વધારે ધ્યાન આપશે. એટલું જ નહીં, આ સોસાયટીઓ માહિતી શોધવા માટેનો માર્ગ બની રહેશે. સોસાયટીઓના સંચાલન માટે ત્રિસ્તરીય કમિટિની પણ રચના કરવામાં આવી છે. દરેક તિમિટિમાં એક ગવર્નિંગ અને બીજી એક્ઝિક્યુટીવ હશે. રાજ્યકક્ષાની કમિટિમાં મુખ્યસચિવ ચેરમેન અને બીજા ૧૨ સભ્યો હશે. એક્ઝિક્યુટીવ કમિટિમાં ગૃહ વિભાગના અગ્રસચિવ ચેરમેન હશે અને તેમાં કુલ છ સભ્યો હશે. જિલ્લા પ્રમાણે પ્રત્યેક જિલ્લામાં જિલ્લાકક્ષાની બે કમિટિઓની રચના કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષકના અધ્યક્ષસ્થાને કરવામાં આવી છે. એવી જ રીતે શહેરી વિસ્તાર માટે કલેક્ટર અને પોલીસ કમિશનર સાથે બે કમિટિઓ રચવામાં આવશે.

## શબ્દાવલી - ૪૮૫૬



**આડી ચાવી**

૧. પૃથ્વી પર અવતરેલા દેવ કે ઈશ્વર (૪)
૪. પાસે, નજીક (૪)
૬. નાસી છૂટવું, ભાગી જવું (૩)
૭. આનંદ (૨)
૮. નાના બાળકોને થતો એક રોગ (૩)
૯. ફરિયાદ (૨)
૧૦. આંગળાથી... વેગળા તે વેગળા (૨)
૧૨. ચોરને પકડવાની એક બાળરમત (૫)
૧૩. ધારા, સેર (૩)
૧૫. ફૂલ, પુષ્પ (૩)
૧૬. સભા, જગ્યા (૪)
૧૯. ગેડ વાળેલી હોય તેવું અકબંધ (૪)
૨૦. સપાટી (૨)

**ઊભી ચાવી**

૧. ખુબ જ સરસ (૫)
૨. 'રાવ' નો ઊંધો શબ્દ (૨)
૩. તારવવું તે, જુદું કાઢવું (૪)
૪. ગુનો કર્યો તે... પણ ભોગવો (૨)
૫. પાલના (૫)
૭. 'ધરખમ' શબ્દ ગોઠવો (૪)
૧૧. મતભેદ, કજિયો (૪)
૧૨. ચોરી કરે તે... (૨)
૧૪. ભઠ્ઠી, ચુલો (૩)
૧૬. આંધળું (૨)
૧૭. લીન, રત (૨)
૧૮. માણસ, મનેખ (૨)

### શબ્દાવલી ૪૮૫૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) કુસંપ (૪) પાજી (૬) વરઘોડીયા (૮) અષ્ટવક્ર (૧૦) આયાત (૧૧) કચોરી (૧૪) મસ (૧૫) અનારકલી (૧૭) લલાટ (૧૯) મજા (૨૦) ચડઉતર

**ઊભી ચાવી :-** (૧) સંતુષ્ટ (૩) ખાર (૪) પાડી (૫) જીયાણુ (૬) વક્ર (૭) ઘોડિયાઘર (૮) અલકમલક (૯) વસ્તારી (૧૨) ચોસલા (૧૩) તાલીમ (૧૬) કમર (૧૮) ટચ

## પતિને આજીવન કેદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયાં સારવાર દરમયાન તેમનું મોત નિપજયું હતું. બનાવ સંદર્ભે કલોલ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ કલોલની એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીક સુનીલ એસ. પંડયાએ દલીલો કરી હતી. તેમણે કોર્ટ સમક્ષ રજૂઆતમાં જણાવ્યું હતું કે મરણ જનારને ત્રણ નાના બાળકો છે. જયારે સામાન્ય બાબતમાં આરોપીએ તેની પત્નીને જીવતી સળગાવી દીધી છે. જેથી આરોપીને આજીવન કેદ અથવા ફાંસીની સજા થવી જઈએ. સરકારી વકીલની દલીલો તેમજ ડૉકટર અને તપાસ કરનાર અધિકારીની જુબાની તેમજ આરોપી વિરૂધ્ધના મરણોત્તર નિવેદનને ધ્યાને લઈ જજ એન.પી. પુરાણીએ આરોપીને આજીવ કેદની સજા તેમજ રૂ. ૧૦ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

## હોસ્પિટલની સેવાઓ ચકાસી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટીમે આજે જુદા જુદા વોર્ડના પરીક્ષણ દરમ્યાન પણ ફરજ પરના કર્મચારીઓને વિવિધ પ્રશ્નો પુછ્યા હતા. તેમણે એક તબક્કે કયા પ્રકારના કોડ ક્યારે વાપરવામાં આવે છે તેને લઈ પણ કર્મચારીઓની પૃચ્છા કરી હતી.

આ ટીમ રવિવાર સુધી સિવિલ હોસ્પિટલનું પરીક્ષણ કરનાર છે. ચાર સભ્યોની બનેલી આ ટીમમાં એક અધિકારી દ. ભારતમાંથી તો ત્રણ જેટલા અધિકારીઓ મુંબઈ-દિલ્હીથી આવ્યા છે. ૨૦૦૯માં ગાંધીનગર સિવિલ હોસ્પિટલને એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર મળ્યું હતું. આ પ્રમાણપત્ર મેળવનાર તે ભારતની પ્રથમ સરકારી હોસ્પિટલ બની હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પાસે તે વખતે ૨૦૦ પથારી હતી અત્યારે ૩૫૦ થી પણ વધુ પથારીની સુવિધાઓ છે. સેવાઓના વિસ્તરણની સાથે સાથે તેનું સઘનીકરણ પણ થયુ છે.

## કામોનું લોકાર્પણ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિઝાઈનથી તે બનાવવામાં આવેલ છે. ગ્રાઉન્ડફ્લોર ઉપરાંત ૩ મજલા ધરાવતા આ બ્લોકમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ ઉપરાંત વિસ્ટ્રીફાઈઈડ ટાઈલ્સ ફ્લોરીંગ કરવામાં આવેલ છે. આ બ્લોકના નિર્માણની કામગીરી સંપન્ન થતાં હવે તેનું લોકાર્પણ આજે કરવામાં આવનાર છે. આ બ્લોકમાં રાજ્યકક્ષાની ઓફિસો બેસશે તેમ મનાઈ રહ્યું છે.

આજે આ બ્લોકના લોકાર્પણ ઉપરાંત ગાંધીનગર-કોબા-એરપોર્ટ રસ્તો રાજ્ય ધોરીમાર્ગ કક્ષાનો માર્ગ છે. આ માર્ગ પરના ટ્રાફિક ભારણને ધ્યાને રાખી રાજ્ય સરકારે આ માર્ગને એક્સપ્રેસ-વે તરીકે વિકસાવવાનું આયોજન કર્યું છે. આ આયોજનના પ્રથમ ચરણમાં બન્ને બાજુના હયાત રોડને ચાર માર્ગીય કરવાનું આયોજન છે.

એક્સપ્રેસ વે કોરીડોર તરીકે વિકસાવવાના આયોજનના ભાગરૂપે સાબરમતી નદી પરના હાલનાં હાંસોલ પાસેના હયાત ચારમાર્ગીય પુલને છ માર્ગીય કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. રૂ. ૩૪ કરોડથી પણ વધુના ખર્ચે આ પુલને છ માર્ગીય કરવામાં આવશે. આ કામ માત્ર ૧૮ માસના ગાળામાં જ પૂર્ણ કરવાનું આયોજન હોવાનું માર્ગ-મકાન વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

આ માર્ગ પર ટ્રાફિકનું ભારણ રોજબરોજ વધી રહ્યું છે. ૨૦૦૮માં પેસેન્જરકાર યુનિટ રોજના ૨૩ હજાર જેટલા પસાર થતા હતા જે ૨૦૧૨માં વધીને ૨૫ હજાર જેટલા થવા જાય છે. આ ઉપરાંત કોમર્શીયલ વાહનોની સંખ્યા પણ આ રૂટ પરથી પસાર થવામાં સારી એવી વૃદ્ધિ થવા પામી છે. ગાંધીનગર નજીક ગિફ્ટસીટી પણ એકાદ વર્ષમાં કાર્યરત થતાં જ આ ટ્રાપિકના ભારણમાં પણ વધારો થવાની સંભાવનાઓને ધ્યાને લઈ સરકારે આ કામનું આગોતરૂ આયોજન કર્યું છે.

## જામીન અરજી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આઝમખાન, તુલસીના એડવોકેટ સલીમ ખાન અને તુલસીનો સાથી મુસ્તાક સીબીઆઈને જુબાની આપી ચૂક્યાં છે, તેને ધ્યાને લેવી જોઈએ. રૂબાબુદ્દીનના એડવોકેટ મુકુલ સિંહાએ એવી પણ રજૂઆત કરી હતી કે તુલસી એનકાઉન્ટર કેસમાં સીબીઆઈએ જે પોલીસ અધિકારીઓ સામે ચાર્જશીટ ફરમાવ્યુંછે તેમાં અભય ચૂડાસમાનો પણ સમાવેશ થાય છે. જો તેમને જામીન આપવામાં આવે તો તપાસમાં અડચણ ઉભી થઈ શકે છે. સામેપક્ષે ચૂડાસમાએ જામીન અરજી મૂકતાં એવી દલીલ કરી હતી કે તેણે હિપબોર્ન સર્જરી કરાવી હોવાથી આરામની જરૂર છે. રૂબાબુદ્દીને સુપ્રીમ કોર્ટમાં કરેલી અરજીમાં પોતાનું નામ નથી તેમજ સીબીઆઈએ ખોટી સંડોવણી કરી હોવાની દલીલ સાથે જામીન માગવામાં આવ્યા હતા. જો કે હાઈકોર્ટે આ અરજીને ફગાવી દીધી છે.

## રૂટ આખરી કરાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

નદીને સમાંતર કસ્તુરભાઈ કેમ્પસ, કોબા ગામ, PDPU, રાયસણ ગામ, ધોળાકુવા થઈને ચ રોડ પર થઈને ગાંધીનગર શહેરમાં મેટ્રોરેલ પ્રવેશશે જે ચ-૨, ચ-૩ થઈને છ રોડ પર પોલીસભવન, સચિવાલય થઈને અક્ષરધામ જશે. જ્યારે મહાત્મા મંદિર માટે અલગ રૂટ ચ-૩ થી પથિકાશ્રમ, ખ-૩ થઈને મહાત્મા મંદિર જશે. તેની કુલ લંબાઈ ૩૨ કિ.મી. રહેશે.

આ ઉપરાંત ગીફ્ટ સિટી અને અમદાવાદ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકના જોડાણ માટે જે અલગ રૂટ સૂચવાયેલા છે તેની વિગતો આપતાં શહેરીવિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું કે આ પૈકીનો એક રૂટ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકના જોડાણ માટે અમદાવાદ તરફથી એઈસી જંકશનથી મોટેરા, હાંસોલ થઈને આંતરરાષ્ટ્રીય હવાઈ મથક જશે. બીજો રૂટ ગીફ્ટ સિટીના જોડાણ માટે કસ્તુરભાઈ કેમ્પસથી સાબરમતી નદીને સમાંતર જઈને ઝ્ન્ન્શ થઈને સાબરમતી નદી ઓળંગીને ગીફ્ટ સિટી જશે.

રૂટનું આખરીકરણ થતાં તાંત્રિક તજજ્ઞો સાથે પરામર્શમાં રહી પ્રોજેકટની અમલવારી માટે તબકકાવાર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં મોનોપાઈલ ટેસ્ટીંગ, ડીપીઆરનું આખરીકરણ અને વિવિધ તાંત્રિક સર્વેનો સમાવેશ થાય છે જે કામગીરી પૂર્ણતાના આરે છે તેમ પણ શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું.

આ રૂટ આખરીકરણની વિગતો આપતાં શહેરી વિકાસમંત્રીશ્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતના અપ્રતિમ ઔદ્યોગિક અને સર્વાંગી વિકાસની ફલશ્રુતિ તથા અમદાવાદ શહેરની આસપાસના વિસ્તારોમાં જે રીતે મોટા ઔદ્યોગિક પ્રોજેકટસ સ્થપાઈ રહયા છે તે જોતાં અમદાવાદ શહેર અને ગાંધીનગર સાંકળતી સુગ્રથીત-ઝડપી-સલામત અને સરળ જાહેર પરિવહન પધ્ધતિ વિકસાવવી આવશ્યક બની હતી.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બીઆરટીએસ જનમાર્ગ જેવી વિશ્વકક્ષાની આધુનિકરણ જાહેર પરિવહન સવલત અમદાવાદના નગરજનોને ભેટ ધર્યા બાદ, હવે સરળ, ઝડપી, પર્યાવરણલક્ષી તેમજ પબ્લીક ટ્રાન્સપોર્ટના આધુનિક સ્વરૂપની વિશ્વકક્ષાની મેટ્રો રેલ સેવાનું અમદાવાદ-ગાંધીનગરને નજરાણું ધરવા સંકલ્પ કર્યો છે તે પાર પાડવાની દિશામાં શ્રેણીબધ્ધ નક્કર આયોજન રાજયની વર્તમાન સરકારે કર્યા છે.

આ મેટ્રોરેલ પરિવહન સેવા અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે લાખો નાગરિકોને ઝડપી અને સુગમ વાહનવ્યવહાર સુવિધાનો શ્રેષ્ઠ વિકલ્પ પૂરો પાડશે એમ તેમણે જણાવ્યું હતું.

શહેરી વિકાસમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ સંકલ્પની પૂર્તિ માટે મહત્વાકાંક્ષી પ્રોજેકટ અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલને ઝડપથી આગળ ધપાવવા તથા રૂટ આખરીકરણ માટે એક ઉચ્ચસત્તાધિકારી સમિતિને કામગીરી સોંપવામાં આવી હતી. સમિતીએ સમગ્ર રૂટની સ્થળ મૂલાકાત તેમજ વિવિધ સ્તરે બેઠકો યોજીને ગાંધીનગર-અમદાવાદ શહેરના જોડાણ માટે તથા અમદાવાદ-ગાંધીનગર શહેરોના વિવિધ વિસ્તારોને સાંકળતા મેટ્રોરેલ પ્રોજેકટ રૂટનું આખરીકરણ કર્યું છે.

આ રૂટની વિસ્તૃત વિગતો આપતાં શ્રી નિતીનભાઈ પટેલે કહયું કે મેટ્રોરેલ પ્રોજેકટ રૂટની કુલ લંબાઈ આશરે ૭૬ કિ.મી. રહેશે. જેમાં અમદાવાદ શહેરી વિસ્તારમાં ૪૪ કિ.મી. તથા અમદાવાદ-ગાંધીનગર જોડાણ અને ગાંધીનગર શહેર વિસ્તારમાં રૂટની લંબાઈ ૩૨ કિ.મી. રહેશે. અમદાવાદ શહેરનો પશ્ચિમ તરફનો મેટ્રોરેલ રૂટ ખ્ભ્ભ્દ, વાસણા અમદાવાદથી શરૂ થઈને અંજલી, પાલડી, પરીમલ ગાર્ડન, પાંજરાપોળ, વિજય ચાર રસ્તા, નવરંગ છ-રસ્તા, ઉસ્માનપુરા થઈને વાડજ, રાણીપ સાબરમતી રેલ્વે સ્ટેશન થઈને ગાંધીનગર તરફ જશે. જે સંપૂર્ણ એલીવેટેડ રહેશે. તેની લંબાઈ આશરે ૧૬ કિ.મી. રહેશે.

આ મેટ્રોરેલના બીજા રૂટમાં અમદાવાદ શહેરનો પૂર્વ તરફનો મેટ્રોરેલ રૂટ બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે. જે પૈકીનો પ્રથમ રૂટ પાલડીથી શરૂ થઈને જમાલપુર, દાણીલીમડા, ચંડોળા તળાવ, ઈસનપુર, ઘોડાસર, હાટકેશ્વર, રખીયાલ, અજીતમીલ, બાપુનગર, મેમકો સ્પોર્ટસ કોમ્પલેક્ષ થઈને સિવિલ હોસ્પિટલ જશે. જે મુખ્યત્વે એલીવેટેડ રહેશે. (મેમકોથી સિવિલ હોસ્પિટલ સુધીનો રૂટ ભૂગર્ભ રૂટ રહેશે) જેની લંબાઈ ૨૨.૮ કિ.મી. રહેશે. જ્યારે બીજો રૂટ જમાલપુરથી શરૂ થઈને શહેરના ટ્રાફીક વાળા સ્થળો જેવા કે ગીતામંદિર, કાલુપર રેલ્વે સ્ટેશન, સિવિલ હોસ્પિટલ થઈને વાડજ જશે. આ રૂટ લગભગ સિવિલ હોસ્પિટલ સુધી ભૂગર્ભ રૂટ રહેશે જેની લંબાઈ ૬ કિ.મી. રહેશે તેમ મંત્રીશ્રી નિતીનભાઈએ જણાવ્યું હતું.